# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા શિક્ષણ સમિતિ,૦૨(બીજા)માળે, જિલ્લા પંચાયત,નડીઆદ
કલેક્ટરશ્રીની કચેરીની બાજુમાં,ડભાણ રોડ,નડીઆદ.
ઇમેલ: dpeokeda@gmail.com ફોન. નંબર-૦૨૬૮-૨૫૫૭૪૫૨

જા.ન.શિક્ષણ/પ્લાન/વશી/3767/5225 તા.25/૦૮/૨૦૨૫

પ્રતિ,

મુ.શિ/આચાર્યશ્રી/સંચાલકશ્રી,

સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ (તમામ),

જિ.ખેડા – નડિયાદ.

વિષય:- શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતી માટે જરૂરી તકેદારી રાખવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનું કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી માટે શાળાના મુ.શિ અને શિક્ષકો દ્વારા તકેદારીના આગોતરા પગલા લેવા જરૂરી છે ઉપરાંત શાળામાં મુ.શિશ્રી/આચાર્યશ્રી, શિક્ષકશ્રી તેમજ બે વિદ્યાર્થીઓ (એક કુમાર અને એક કન્યા)ની શિસ્ત સમિતિની રચના કરવાની રહેશે. વિદ્યાર્થીઓની સલામતી માટે નીચેની બાબતોનું ધ્યાન રાખવા જણાવવામાં આવે છે.

- શાળામાં વિદ્યાર્થી આવવા – જવાના સમયે, રીસેશમાં, મધ્યાન ભોજન વખતે શિક્ષકની હાજરીમાં શિસ્તબધ્ધ વ્યવસ્થા ગોઠવવી.
- વિદ્યાર્થીઓ શાળામાં કોઈ ધક્કા મુક્કી, તોફાન ન કરે.
- વિદ્યાર્થીઓ કંપાસમાં જરૂરી સાધનો સિવાય અન્ય જોખમી વસ્તુઓ જેમ કે કાતર, બ્લેડ, લોખંડની ફૂટપટ્ટી ન લાવે તે માટે સૂચના આપવી તેમજ સમયાંતરે શિક્ષક દ્વારા વિદ્યાર્થઓના દફતર, કંપાસની ચકાસણી કરવી.
- અન્ય વિદ્યાર્થી દ્વારા કે રસ્તામાં કોઈ અજાણી વ્યક્તિ દ્વારા હેરાનગતિ, મુશ્કેલી હોય તો શાળાના મુખ્ય શિક્ષક/આચાર્ય કે વાલીને જાણ કરવી.
- શાળા બહારની વ્યક્તિ મુખ્ય શિક્ષક/આચાર્યની પરવાનગી સિવાય શાળામાં કે વર્ગખંડમાં ન જાય તે સુનિશ્ચિત કરવું.
- શાળામાં પ્રાર્થના કાર્યક્રમમાં ઉપરોક્ત બાબતોની ચર્ચા કરવી.
- સમયાંતરે વાલી મીટીંગનું આયોજન કરી વિદ્યાર્થીઓ વિશે વાલી પાસેથી જાણકારી મેળવવી. જરૂર જણાય ત્યાં વાલી-વિદ્યાર્થીને માર્ગદર્શન આપવું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
ખેડા જિલ્લા પંચાયત, નડિયાદ

**નકલ રવાના: જાણ અને અમલ સારું**

(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ.ખેડા જાણ અને અમલ સારું.

Scanned with OKEN Scanner